## હ્યુમન ટિશ્યૂ ઓથોરિટી

## જીવીત દાતા દ્વારા આપવામાં આવતા અંગદાનના ટ્રાન્સપ્લાન્ટો (અંગ પ્રત્યારોપણ) વિશે માહિતી

આ પત્રિકામાં જીવીત વ્યક્તિ દ્વારા કરવામાં આવતા અંગદાન વિશે માહિતી આપવામાં આવેલી છે અને તે નીચેના વિષયોને સંબોધે છેઃ

- હ્યુમન ટિશ્યૂ ઓથોરિટીની ભૂમિકા.
- જીવીત દાતા દ્વારા આપવામાં આવતા અંગદાનના ટ્રાન્સપ્લાન્ટની જરૂરત.
- જીવીત દાતા દ્વારા આપવામાં આવતા અંગદાનના ટ્રાન્સપ્લાન્ટના વિકલ્પો.
- ઈન્ડિપેન્ડન્ટ અસેસમેન્ટ (સ્વતંત્ર મૂલ્યાંકન)ની પ્રક્રિયા.

અમારી ભલામણ છે કે તમારા ટ્રાન્સપ્લાન્ટ યૂનિટ દ્વારા આપવામાં આવેલી બીજી માહિતીની સાથે સાથે તમે આ પત્રિકા વાંચો. આનાથી તમને એ બાબતે માહિતી મેળવવામાં મદદ થશે કે આમાં અંગદાન કરનાર જીવીત વ્યક્તિ તેમજ અંગદાન મેળવનાર બંને માટે શું સંકળાયેલું છે.

## હ્યુમન ટિશ્યૂ ઓથોરિટી

હ્યુમન ટિશ્યૂ એક્ટ 2004 (એચ.ટી. એક્ટ) ઈંગ્લેન્ડ, વેઈલ્સ અને નોર્ધન આયરલેન્ડમાં અંગદાન માટેનું કાનૂની માળખું પૂરું પાડે છે. સ્કોટલેન્ડમાં આ માળખું હ્યુમન ટિશ્યૂ (સ્કોટલેન્ડ) એક્ટ 2006 દ્વારા પૂરું પાડવામાં આવે છે.

એચ.ટી.એ. એચ.ટી. એક્ટ ઉપર સલાહ અને માર્ગદર્શન પૂરાં પાડે છે અને યુ.કે.માં જીવીત વ્યક્તિ દ્વારા અંગદાન કરવાના કેસો આગળ વધી શકે કે નહિ તેના નિર્ણયો લે છે. આ માટે એક કડક કાર્યવાહી અમલમાં મૂકાયેલી છે, જેથી અંગદાન કરનારાં દાતાઓ તેમજ તે મેળવનારાંઓને સ્વતંત્ર તપાસ મળવાની ખાતરી મળે છે, જેના લીધે આમાં સંકળાયેલાં જોખમો અંગદાન કરનાર વ્યક્તિ સમજે છે, તે કોઈ પ્રકારના દબાણ હેઠળ નથી તેમજ દાન સામે તેને કોઈ વળતર આપવામાં આવતું નથી તેની ચોક્સાઈ કરી શકાય છે.

## જીવીત વ્યક્તિ દ્વારા આપવામાં આવતા અંગદાનનું ટ્રાન્સપ્લાન્ટ શા માટે?

શરીરનાં આવશ્યક અંગો કામ કરવાનાં બંધ કરી દે અને તેના લીધે જીવલેણ બીમારી ઊભી થાય ત્યારે ટ્રાન્સપ્લાન્ટ (બીજા કોઈના શરીરનું અંગ પ્રત્યારોપણ કરવા)ની જરૂરત ઊભી થાય છે.

પરંપરાગત રીતે, ટ્રાન્સપ્લાન્ટ કરવા માટે દાનમાં આપવામાં આવતાં અંગો મૃત્યુ પામેલાં લોકોનાં શરીરમાંથી મળતાં હોય છે. પરંતુ, ટ્રાન્સપ્લાન્ટ માટે યોગ્ય હોય તેવાં અંગોની માંગ વધી રહી હોવાને કારણે, આ માંગ પૂરી કરી શકાય તેટલા પૂરતા પ્રમાણમાં અંગો મળતાં નથી. યુ.કે.માં કરવામાં આવતાં કુલ કિડની ટ્રાન્સપ્લાન્ટમાં હવે ત્રણમાંથી એક કરતાં વધારે લોકોમાં જીવીત વ્યક્તિના શરીરની કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે.

જીવીત દાતાઓ દ્વારા આપવામાં આવતાં અંગદાનમાં સૌથી વધારે સામાન્ય અંગ કિડની છે અને આ ટ્રાન્સપ્લાન્ટની સફળતાનો દર ઘણો જ ઊંચો છે. દાતા પોતાનું અંગ દાનમાં આપી શકે તે પહેલાં તેમની પૂરેપૂરી તબીબી તપાસ કરવામાં આવે છે. કિડની દાનમાં આપવા માટે ઘણી મોટી સર્જરી કરાવવી પડે છે જેનાં જોખમો ઘણાં નાનાં (પરંતુ મહત્ત્વનાં) છે, જે દાતાએ પૂરેપૂરી રીતે સમજવાં જરૂરી છે. તંદુરસ્ત અને કિડનીનું દાન આપી શકે તે માટે યોગ્ય માનવામાં આવતી વ્યક્તિના આરોગ્ય પર, કિડનીનું દાન આપવાથી લાંબા ગાળે અસર થવી જોઈએ નહિ.

લિવર લોબ્સ (લિવર - યકૃતના ભાગો)નું પણ દાન આપી શકાય છે, જો કે આ ઓછું સાધારણ છે. લિવરના અમુક ભાગોનું દાન આપવું તે વધારે અટપટી પ્રક્રિયા છે અને તેનાં દાતા પર રહેલાં જોખમોનો સાવધાનીપૂર્વક વિચાર કરવામાં આવવો જરૂરી છે.

જીવીત દાતાઓ સામાન્યપણે બીજાં કોઈ અંગો દાનમાં આપતાં નથી.

તમારું સ્થાનિક ટ્રાન્સપ્લાન્ટ યૂનિટ તમે બીજું શું શું કરી શકો તેમ છો તે વિશે તમને વધારે માહિતી આપી શકશે જેથી તેમાં શું સંકળાયેલું છે તેની તમને ચોક્કસપણે ખબર પડે. અંગદાન કરનાર વ્યક્તિ ટ્રાન્સપ્લાન્ટ થતાં પહેલાંના કોઈ પણ સમયે આ પ્રક્રિયામાંથી પાછી ખસી જવા માટે પૂરેપૂરી મુક્ત છે.

**જીવીત વ્યક્તિ દ્વારા કરવામાં આવતા અંગદાનના ટ્રાન્સપ્લાન્ટના વિકલ્પો શું છે?**

કોઈ પણ ચુસ્ત અને તંદુરસ્ત પુખ્ત વયની વ્યક્તિ જીવીત અંગદાતા બનવાનું વિચારી શકે છે.

- સીધું દાન - એક એવા પ્રકારનું દાન છે જેમાં તંદુરસ્ત વ્યક્તિ કોઈ એક ચોક્કસ, નક્કી કરાયેલી વ્યક્તિને પોતાના અંગનું દાન કરે છે. સામાન્ય રીતે આ જેનેટિક અથવા લાગણીશીલ સંબંધોથી બંધાયેલાં લોકો વચ્ચે કરવામાં આવે છે, પરંતુ એચ.ટી.એ. એવા કેસો પણ ધ્યાનમાં લે છે જ્યાં તે લોકોની વચ્ચે અગાઉનો કોઈ સંબંધ હોતો નથી.

- જોડી કરાઈને અને એકઠાં કરાઈને આપવામાં આવેલ અંગદાન - આ એવા પ્રકારનું દાન છે જેમાં અંગદાન આપનાર તંદુરસ્ત વ્યક્તિ પોતે જેને અંગદાન કરવા માગતી હોય તેની સાથે તેમનો મેળ બેસી શકે તેમ હોતો નથી. એથી શક્ય છે કે તેમનો તેવી જ પરિસ્થિતિમાં રહેલા બીજા કોઈ અંગદાન કરનાર અને અંગદાન મેળવનાર સાથે મેળ બેસાડવામાં આવે છે, અને અંગદાન કરનારની કિડનીઓની અદલાબદલી કરવામાં આવે છે. જ્યારે બે જોડીઓ આમાં સંકળાયેલી હોય ત્યારે તેને જોડી દ્વારા કરાયેલ દાન કહેવાય છે (આકૃતિ 1 જુઓ), અને જ્યાં એક કરતાં વધારે જોડીઓ સંકળાયેલી હોય ત્યાં તેને દાતા-મેળવનારને એકઠાં કરાઈને આપવામાં આવેલ અંગદાન કહેવાય છે.

**આકૃતિ 1 - જોડી કરાઈને અપાયેલ દાન**




- નિઃસ્વાર્થભાવે કરવામાં આવેલ આડતકતરી રીતે કરાયેલ દાન - એવા પ્રકારનું દાન છે જેમાં તંદુરસ્ત વ્યક્તિ કોઈ એવી વ્યક્તિને પોતાની કિડનીનું દાન કરે છે, જેની ઓળખ છતી કરવામાં આવતી નથી અંગદાન કરનાર તેમને જાણતાં હોતાં નથી.

- નિઃસ્વાર્થભાવે કરનારાં આડકતરી રીતે દાન આપનારાં દાતાઓની સાંકળ (આકૃતિ 2 જુઓ) - આ એવા પ્રકારનું દાન છે જેમાં સીધી રીતે નહિ સંકળાયેલાં નિઃસ્વાર્થભાવે દાન આપનારાં દાતાઓ તેમની કિડનીઓ જોડી/એકઠાં

કરાયેલાં દાતાની યોજનામાં દાન કરે છે. બે અથવા વધારે દાતાઓ અને અંગદાન મેળવનારાંઓનો મેળ બેસાડીને સાંકળબદ્ધ ઓપરેશનો કરી શકાય છે. આ સાંકળ પૂરી થયે બાકી રહેતી કિડનીઓનું તે પછી અંગદાન મેળવવા માટે રાષ્ટ્રિય પ્રતિક્ષા યાદી (વેઈટિંગ લિસ્ટ) પર નોંધાયેલાં લોકોમાંથી જેમનો સૌથી વધારે મેળ બેસતો હોય તેમને દાન આપવામાં આવે છે. (2012માં તેનો અમલ થશે)

**આકૃતિ 2 - નિઃસ્વાર્થભાવે દાન આપનારાંઓની સાંકળ**




**ઈન્ડિપેન્ડન્ટ અસેસમેન્ટ (સ્વતંત્ર મૂલ્યાંકનની) પ્રક્રિયાઃ તેમાં શું કરવામાં આવે છે?**

અંગદાન આપનારાં અને તે સ્વીકારનારાં તમામ લોકોની એક સ્થાનિક ઈન્ડિપેન્ડન્ટ અસેસર દ્વારા તપાસ કરવાની જરૂર પડે છે જેમને એચ.ટી.એ. દ્વારા તાલીમ અને માન્યતા આપવામાં આવેલી હોય છે. આ ઈન્ડિપેન્ડન્ટ અસેસર અમારા વતી અંગદાન આપનાર અને તે સ્વીકારનારના ઈન્ટરવ્યૂ કરે છે અને તેઓ આ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં સંકળાયેલી આરોગ્ય સંભાળની ટુકડીથી સ્વતંત્ર હોય છે. આ ઈન્ટરવ્યૂનો હેતુ એ ખાતરી કરવાનો છે કે અંગદાન કરનારને તે માટે કોઈ વળતર આપવામાં આવતું નથી, અંગદાન કરનાર અને તે મેળવનાર પર આ ટ્રાન્સપ્લાન્ટ કરાવવા આગળ વધવા માટેનું કોઈ દબાણ નથી અને તેમાં શું જોખમો સંકળાયેલાં છે તેની અંગદાન કરનાર વ્યક્તિને સારી એવી સમજ છે. તે પછી ઈન્ડિપેન્ડન્ટ અસેસર એક રીપોર્ટ એચ.ટી.એ.ને મોકલી આપશે; આ રીપોર્ટનો ઉપયોગ કેસનો નિર્ણય લેવા માટે કરવામાં આવશે.

**નોંધ**

જો એચ.ટી. એક્ટની શરતો પૂરી કરવામાં ન આવતી હોય તો બે જીવીત વ્યક્તિઓ વચ્ચે અંગનું ટ્રાન્સપ્લાન્ટ કરવું એ ફોજદારી અપરાધ છે. એટલે કે આ માટે કાનૂની રીતે માન્ય મંજૂરી આપવામાં આવી હોવી જ જોઈએ. માનવ અંગો ખરીદવા કે વેચવામાં સંકળાવું તે પણ અપરાધ છે. આ ગુનાઓ માટે ત્રણ વર્ષ સુધીની જેલ સજા, દંડ અથવા બંને કરવામાં આવે છે.

**વધારે માહિતી**

આ  પત્રિકા માત્ર માર્ગદર્શન છે. એચ.ટી.એ. માટે વધારે માહિતી માટે www.hta.gov.uk જુઓ અથવા અહીં સંપર્ક કરોઃ

Human Tissue Authority

151 Buckingham Palace Road

London

SW1W 9SZ

ફોનઃ 020 7269 1900

ફેક્સઃ 020 7269 1999

twitter.com/#!/HTA_UK

www.facebook.com/HumanTissueAuthority

આ પત્રિકા અમારી વેબસાઈટ પરથી વેલ્શ, ઉર્દૂ, અંગ્રેજી, પંજાબી, હિન્દી અને બંગાળીમાં મેળવી શકાય છે.

ઓક્ટોબર 2011માં સુધારાયેલ

નવેમ્બર 2011માં પ્રકાશિત કરાયેલ

કોપીરાઈટઃ હ્યુમન ટિશ્યૂ ઓથોરિટી